ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# "શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચેની પાતળી ભેદરેખા આપણે ક્યારે સમજી શકીશુ..."

તાજેતરમાં જ નેશનલ એવોર્ડ મેળવનારી ગુજરાતી ફિલ્મ "રેવા"નો ખૂબ સરસ ડાયલોગ છે. "...માણસને શ્રધ્ધા હોવી જોઈએ" જો કે આ 'શ્રધ્ધા'નો લાભ કે ગેરલાભ ઉઠાવનારા અનેક આપણી આસપાસ મળી રહે છે અને આપણી 'શ્રધ્ધા'ને જાતભાતના ઢોંગ-ધતીંગ દ્વારા પડાવવાનો ધંધો આપણી આસપાસ ખૂબ ફૂલોફાલ્યો છે. લોકોની આસ્થા સાથે ચેંડા કરી ખૂબ ઝડપથી બેઠા બેઠા પૈસા કમાવાઈ શકાય છે તે જાણી ચૂકેલા કેટલાક બાબા, ગુરૂજી, માતાજી એજન્ટોના સાથ સહકારથી એવો કારસો રચે છે કે ભલા ભોળા લોકો તેની જાળમાં આસાનીથી

## ટાઈમ પ્લીઝ

ક્યારે શ્રધ્ધામાંથી અંધશ્રદ્ધામાં ફેરવી નાંખે છે તેની આપણને જાણ જ નથી. ગાંધીનગર શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં એજન્ટના નેટવર્ક દ્વારા બની બેઠેલા 'ઢબુડી માતાજી'એ કઈ કેટલાય લોકોને શ્રધ્ધાના નામે ખંખેરી નાંખ્યા, આખરે આ ઢોંગી-ઢબુડી માતાનો પર્દાફાશ થતાં લોકોને તેની ચુંગલમાંથી છોડાવ્યા છે. જોકે આ તો એક કિસ્સો છે. આવા અનેક ઢોંગી બાબા, માતાજી, ભૂવા, પીર... લોકોની નબળાઈનો ફાયદો ઉઠાવી લાખો-કરોડો રૂપિયા ઘર ભેગા કરે છે.

આપણી પ્રજા ધર્મભીરુ પ્રજા છે. દેવી-દેવતાઓમાં શ્રધ્ધા રાખનારી આપણી પ્રજા વર્ષ દરમ્યાન અનેક ધાર્મિક ઉત્સવો, વ્રતો ઉજવી પોતાની આસ્થા પ્રગટ કરે છે. જોકે પ્રજાની શ્રધ્ધા-આસ્થાને ખૂબ ઝડપથી અંધશ્રધ્ધાનો રંગ ચઢી જાય છે તે પણ હકીકત છે. સામાજિક, આર્થિક અને માનસિક રીતે અનેક સમસ્યાઓનો સામનો કરી રહેલી પ્રજાને ખૂબ ઝડપથી ભોળવી-ભોળપણનો લાભ ઉઠાવી તેમની પાસેથી પૈસા ફસાતા જાય છે.

...કોઈકને નોકરી જોઈએ છે, કોઈકના લગ્ન થતા નથી, કોઈકને ઝડપથી ધનવાન થવુ છે તો કોઈકને સંતાન જોઈએ... આવા અનેક કારણોસર ગેરમાર્ગે દોરવાયેલા લોકો સામાન્ય વ્યક્તિને જ ઈશ્વર કે ઈશ્વરનો અવતાર માની લઈ પૂંજવા લાગે ત્યારથી જ આ શ્રધ્ધા-અંધશ્રધ્ધાનું વિષચક્ર ચાલુ થાય છે જે અટકવાનુ નામ લેતો નથી.

વળી જોવાની ખૂબી તો એ છે કે ગ્રામ્ય પ્રજા કે અભણ પ્રજા જ નથી પરંતુ મસમોટી ડીગ્રી ધરાવતા, પૈસેટકે સુખી એવા વિચારશીલ વ્યક્તિઓ પણ આ જાળમાં ફસાઈ જઈ આર્થિક રીતે ઘસાય છે. ભૂતકાળમાં આવા અનેક કહેવાતા ઢોંગી બાબાનો પર્દાફાશ થયો છે પરંતુ તેમાંથી આપણે કંઈ બોધપાઠ લેતા નથી. ખૂબ જલ્દીથી સમગ્ર પ્રકરણને ભૂલી જઈ આપણે નવેસરથી કોઈ નવા બાબા-માતાજીને શોધી લઈ તેના સરણે જતાં રહીએ છીએ... એટલે જ કદાચ આ કહેવત પડી હશે કે લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે.



મેરે દેશકી ધરતી - વરસાદના બે રાઉન્ડ બાદ ખેડૂત ખુશખુશાલ છે... એકમાંથી હજાર કણ ઉગવાની શક્યતા હોય છે એવી ખેતી કરતા ધરતીપુત્રોને મેઘમહેરથી આનંદ-ઓચ્છવ થાય છે... ગાંધીનગરના પાદરમાં આવેલા ખેતરમાં ખેડૂત ઉત્સાહપૂર્વક જમીન ખેડીને વાવણીલાયક બનાવી રહ્યા છે...

# આકાશમાં વાદળો ઘેરાયા છતાં મેઘરાજાની હાથતાળી

### વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ભીંજારો યથાવત : સેક્ટરોમાં વરસાદી સમસ્યાનો ઘેરાવો : વરસાદી મોસમના વિચિત્ર મિજાજથી બફારાથી ત્રસ્ત શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં સિઝનનો અત્યાર સુધીનો ૧૮ ઈંચ જેટલો વરસાદ થયો છે. છેલ્લા બે દિવસથી આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વચ્ચે મેઘરાજા છાંટણા વરસાવી જાય છે. મનમુકીને વરસતા નથી. જેના લીધે ભીંજારાના માહોલ વચ્ચે પણ નગરજનો ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન ઝરમરિયા વરસાદ થયો હતો. આકાશમાં સતત વરસાદી વાદળોનો ઘેરાવો રહ્યો હતો.

શહેરમાં વરસાદની મોસમના પ્રારંભે રિસાયેલા મેઘરાજાને રીઝવવા માટે અનેક ઠેકાણે યજ્ઞ તેમજ સમુહ પ્રાર્થનાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આખો અષાઢ કોરો વિત્યા બાદ ઓગષ્ટના પ્રારંભે મેઘરાજા મુશળધાર વરસતા નગરજનોને તેમજ ખેડુતોને હાંશકારો થયો હતો. અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા ન હતા જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

# અનિયમિત ચોમાસાથી જિલ્લામાં ક્રોપ પેટર્નમાં ભારે બદલાવ જોવા મળ્યો

### તેલીબિયા પાકોનું વાવેતર વધ્યુ તો કઠોળ અને શાકભાજીના પાકોનું વાવેતર ઘટ્યુ : દિવેલાનું વાવેતર હજુ વધશે તેવો આશાવાદ : ૩૨ ટકા વરસાદની ઘટ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં અપૂરતા અને અનિયમિત ચોમાસાને પગલે આ વર્ષે જિલ્લાની પાક-વાવેતર પદ્ધતિમાં બદલાવ થયેલો જોવા મળ્યો છે.

જિલ્લામાં અનિયમિત ચોમાસાના પગલે હવે ખરીફ સિઝનના અંતિમ તબક્કામાં હજુ પણ દિવેલાના પાકનું વાવેતર વધશે તેવો આશાવાદ સેવવામાં આવી રહ્યો છે. ૩૧મી ઓગષ્ટે સામાન્યતઃ ખરીફ વાવેતર ઋતુ સંપન્ન થઈ જતી હોય છે.

જિલ્લામાં ક્રોપ પેટર્નમાં તેલિબીયાના પાકોનું વાવેતર વધતુ જોવા મળ્યુ છે. જ્યારે કઠોળ પાક અને શાકભાજીનું વાવેતર ઘટતુ જોવા મળ્યુ છે. કઠોળ પાકની ખેતીમાં ભારે ગિરાવટ જોવા મળી છે જે નોંધનીય છે.

જિલ્લામાં અનિયમિત ચોમાસાને કારણે ખરીફ સિઝનનું વાવેતર બે તબક્કામાં થયુ છે. ક્રોપ પેટર્નમાં જે બદલાવ જોવા મળ્યો છે તેના માટે બે મહત્વના કારણો હાલ બહાર આવવા પામ્યા છે તેમાં બજારની સ્થિતિ તેમજ વરસાદની સ્થિતિ એ મહત્વની ભૂમિકા ભજવે છે.

સમયસર વરસાદ થયો નથી એટલુ જ નહિ હજુ પણ જિલ્લામાં પુરતો વરસાદ નોંધાયો નથી. ગત વર્ષની તુલનામાં વરસાદ વધ્યો જરૂર છે પણ હજુ તેની સિઝનની ટકાવારીમાં જોઈએ તો તે ૬૮ ટકા જેટલો જ થવા જાય છે. અર્થાત ૩૨ ટકા વરસાદની ઘટ છે.

આ ઉપરાંત મગફળી, કપાસ અને દિવેલાનું વાવેતર નોંધપાત્ર જોવા મળ્યુ છે. મગફળીમાં ગત વર્ષે પણ સારા ઉત્પાદન પછી ટેકાના ભાવે થયેલ ખરીદીને કારણે ઓછુ નુકશાન સહન કરવાના દિવસો રહ્યા હતા. સરકારે આ વર્ષે ટેકાના ભાવ અત્યારથી જ જાહેર કરી દીધા છે અને ગત વર્ષ કરતાં તેમાં રૂ. ૯૦નો વધારો કરવામાં આવ્યો છે. આને પગલે જિલ્લામાં મગફળીના પાકમાં ભારે વધારો થયેલો જોવા મળ્યો છે.

જિલ્લામાં આ વખતે બાજરીના પાકમાં પણ સારો એવો વધારો જોવા મળી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ વધારો ૮૦૦ હેક્ટર જેટલો જ જોવા મળે છે. જિલ્લામાં ૩૦૬૮ હેક્ટરમાં આ વર્ષે વાવેતર થવાના અંદાજો છે. જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ ૨૦૯૪ હેક્ટર વિસ્તારોમાં વાવેતર થતુ હતુ.

કઠોળ પાકોના વાવેતરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષની તુલનામાં તુવેર, મગ, મઠ, અડદના પાકોના વાવેતરમાં જે ઘટાડો નોંધાયો છે તે અકલ્પનીય છે. આ ચારેય પાકનું સરેરાશ વાવેતર ૧૫૦૦ હેક્ટર જેટલુ આ વર્ષે થયુ છે. જે સામાન્યતઃ ૪ હજાર હેક્ટર જેટલુ થતુ હોય છે. ગવારના પાકમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧,૧૨,૭૩૮ હેક્ટર વિસ્તારમાં અત્યાર સુધીમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયત પાસે માટી પુરાણના અભાવે જમીનમાં ફુટપાથ બેસી ગઈ

### માટી પોલાણના લીધે નગરની ફુટપાથ કંગાળ હાલતમાં સેક્ટરોમાં ઠેર ઠેર ભયજનક સ્થિતિ : આમ નાગરિકો પરેશાન



ગાંધીનગર તા ૨૬

શહેરમાં વરસાદી દિવસોમાં ઠેર ઠેર દુવિધાઓ ખડકાયેલી જોવા મળી રહી છે. કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલ વરસાદી પાણીના નિકાલ માટે હાથ ધરાયેલી લાઈનની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા માર્ગો આસપાસ ગાબડા જોવા મળી રહ્યા છે. નગરના વોક વે પણ માટી પોલાણના લીધે જમીનમાં ગરકાવ થતા શહેરીજનો માટે ડગલે ને પગલે સલામતી જોખમાઈ રહી છે. સે-૧૭ માં જિલ્લા પંચાયત નજીક સ્થિત બસ સ્ટેન્ડ પાસે ફુટપાથ માટી પોલાણના લીધે જમીનમાં ઘુસી ગઈ છે.

શહેરમાં વરસાદી સિઝનની અસરથી ઠેર ઠેર ભયજનક સ્થિતિ જોવા મળી રહી છે. તંત્રની બેદરકારીના લીધે વરસાદી દિવસોમાં નગરના રસ્તા અને ફુટપાથની હાલત કંગાળ બની છે. શહેરમાં વોક વે તેમજ માર્ગો પર ગાબડા પડતા રાહદારીઓએ ડગ માંડવામાં પણ વિચાર કરવો પડે તેવી સ્થિતિ છે. કોર્પોરેશન દ્વારા વરસાદી

● અનુસંધાન પાન-૭ પર

# ૨૯મી ઓગષ્ટે વડાપ્રધાન મોદી "ફીટ ઈન્ડિયા" મુવમેન્ટ ખુલ્લી મુકશે

ગાંધીનગર, તા. ૨૬

આગામી ૨૯ ઓગષ્ટથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફીટ ઈન્ડિયા મુવમેન્ટ ખુલ્લી મુકશે.

વડાપ્રધાન મોદી કેન્દ્રીય મંત્રી કિરણ રિજ્જુની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં આ મુવમેન્ટ ખુલ્લી મુકશે.

ફીટ ઈન્ડિયાના નવા સ્લોગન સાથે દેશભરમાં એક નવો જોમ અને જુસ્સો ઉભો કરવામાં આવશે. ૨જી ઓક્ટો.ના રોજ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટેની તૈયારીના ભાગરૂપે આ મુવમેન્ટ શરૂ કરવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય રમત-ગમત દિવસ તરીકે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાજયમાં આગામી દિવસોમાં ખેલ મહાકુંભ પણ યોજાવાનો છે ત્યારે આ મુવમેન્ટ વધુ એક બળ પુરૂ પાડશે તેમ મનાઈ રહ્યુ છે.

વડાપ્રધાન મોદીએ અગાઉ પોતે ફીટ છે તેવા વિડીયો પણ ક્રિકેટ ટીમના કેપ્ટન કોહીલ સહિતના અગ્રણીઓને શેર કર્યા હતા. ત્યારથી જ તેમણે "ફીટ ઈન્ડિયા" મુવમેન્ટ તરીકે લઈ આવવાના સંકેત આપ્યા હતા તેમ મનાઈ રહ્યુ છે.

# વરસાદથી માર્ગોનું ધોવાણ થતા સર્જાતા જોખમી ગાબડા



ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં વરસાદી સિઝનમાં શહેરના માર્ગો તેમજ ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. શહેરના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. માર્ગો પર ડામરની કાંકરીઓ પથરાતા વાહનચાલકોને પણ મુશ્કેલી વેઠવી પડે છે. શહેરના માર્ગો પર અસ્તિત્વમાં આવેલા ગાબડા પણ વાહનચાલાકે માટે જોખમી બની રહ્યા છે. સે-૧૦ માં પણ માર્ગ વચાળે ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે.

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ક્યારેક ઝરમરિયો વરસાદ વરસે છે. પરંતુ સતત વાદળિયા વાતાવરણ અને વરસાદી ભીંજારાના લીધે મસમોટી સમસ્યાઓએ સેકટરોમાં ઘેરાવ કર્યો છે. સેકટરોમાં રખડતા ઢોરના જટીલ પ્રશ્નની સાથે ગંદકીની સમસ્યા પણ હઠીલી બની છે. જયારે વરસાદી વાદળો વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ વધતા રોગચાળાએ પણ માથુ ઉંચકયુ છે. આવા સંજોગોમાં નગરની ફુટપાથો અને રસ્તાઓ પણ નગરજનો માટે આફતરૂપ બન્યા છે. શહેરમાં અત્યાર સુધીનો માત્ર ૧૮ ઈંચ વરસાદ વરસ્યો છે. આમછતા સેકટરો તેમજ મુખ્યમાર્ગો આસપાસ છેવાડાના ગામ જેવા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૧૩૮ શાળાઓમાં રમતના મેદાન જ નથી

### બાળકોના મેદાન તરીકે બગીચા, પ્રાઈવેટ પ્લોટ, સોસાયટીના ખુલ્લા પ્લોટ, મંદિરનું પ્રાંગણ, તો બાજુના ગામની શાળાનું મેદાન કે બાજુની શાળાનુ મેદાન વપરાશમાં લેવામાં આવે છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૩૮ શાળાઓ પાસે બાળકો માટે રમવાનું મેદાન નથી જેમાં ૧૨૨ સરકારી પ્રા. શાળાઓ અને ૧૬ ખાનગી શાળાઓનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં આવી પ્રા. શાળાઓની સંખ્યા ૪૫ છે જ્યારે ગાંધીનગરમાં ૨૯ પ્રા. શાળા, કલોલમાં ૩૯ અને માણસામાં ૨૫ પ્રા. શાળાઓનો સમાવેશ થાય છે.

મેદાન વિનાની શાળાની કલ્પના શક્ય જ નથી પરંતુ આ વાસ્તવિકતા છે. આ માટે તંત્રએ મેદાન ઉપલબ્ધ બને તેવા પ્રયાસો હાથ ધર્યાના રાજ્ય વિધાનસભામાં પ્રશ્નોના જવાબમાં સંકેતો આપવામાં આવ્યા છે. જો કે આ દિશામાં હજુ કોઈ નક્કર કાર્યવાહી થઈ હોવાનું જાણવા મળ્યું નથી.

મળતી વિગતો જે બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થઈ છે તે પ્રમાણે હાલ આ શાળાઓ પ્રાઈવેટ પ્લોટ, સરકારી જાહેર સાહસ, ગાર્ડન, મંદિરના પ્રાંગણનો કે ખાનગી સોસાયટીના ખુલ્લા પ્લોટનો મેદાન તરીકે ઉપયોગ કરી બાળકોના રમતપ્રેમને પોષવાનો પ્રયાસ કરી રહી છે.

આ અંગે તંત્ર દ્વારા હમણાં હમણાં કવાયત હાથ ધરવામાં આવી છે. જોકે આ વિશે સત્તાવાળાઓ હાલ મગનું નામ મરી પાડવા તૈયાર નથી.

બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે કે ૮૯ શાળાઓ માટે ગામમાં જ સરકારની જમીન મેદાન તરીકે ઉપલબ્ધ થઈ શકે તેટલી ઉપલબ્ધ છે પરંતુ આ માટે વિધિવત્ દરખાસ્ત સરકારના મહેસુલ વિભાગને કરવી પડે અને તે માટેની કવાયત પંચાયતના રેકર્ડના આધારે જ હાથ ધરી શકાઈ.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં એવી પણ શાળાઓ જોવા મળી છે કે જે તે શાળાની નજીકનાની શાળાના મેદાનનો ઉપયોગ કરતી હોય તેવી ૨૯ શાળાઓ છે. તો ૧૨ જેટલી શાળાઓ નજીકના ગામની શાળાના મેદાનનો ઉપયોગ કરી રહી છે.

જિલ્લામાં શાળાઓ મેદાન વિનાની છે તે માટે એક સઘન અભિયાન આગામી દિવસોમાં હાથ ધરવામાં આવે તેવા સંકેતો મળે છે પરંતુ આ બધુ જો અને તો પર આધારિત છે.

શાળાના મેદાન માટે સરકારનો અભિગમ, આ માટે નવી નીતિ તૈયાર કરાશે અથવા તો જે તે જમીન નીમ કરી શાળા હસ્તક મુકવામાં આવશે.

જિલ્લામાં ૧૦૦ વર્ષ જુની શાળાઓ, જર્જરિત વર્ગખંડો તેમજ જર્જરિત શાળાઓ નવી બનાવવાના પડકાર વચ્ચે ભારત સરકાર જ્યારે ફીટ ઈન્ડિયા મુવમેન્ટ શરૂ કરવા માંગે છે ત્યારે સરકાર શુ વિચારે છે અને શુ નિર્ણય જાહેર કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.




www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com